## એજન્ડા આઈટમ નંબર :– ૬

મુસદ્દારૂપ નગર રચના યોજના સુડા, નં. ૪૩ (ભીમરાડ) : સુરત અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૭ હેઠળ આવેલ વાંધા સુચનોની વિચારણા કરી, સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ ૪૮(૧) મુજબ સરકારશ્રીને મંજુરી માટે જરૂરી સાહિત્યસહ સાદર કરવા બાબત.

**ઠરાવ નં. :–** ૨૪૪૯

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના સુડા નં. ૪૩ (ભીમરાડ) : સુરતની મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો, તા. ૪/૦૪/૨૦૦૫ ના પત્ર નં.નરયો/ સુડા/પરામર્શ/દ.ગુ./૧૫૯૩ થી પરામર્શ મેળવી, યોજના બનાવવાનો સત્તામંડળની તા.૦૬/૦૪/૨૦૦૫ ની બોર્ડ બેઠક નં.૧૯૫ ના ઠરાવ નં. ૨૭૭૬(૭) થી યોજના માટેનો ઈરાદો જાહેર કરેલ, જે ગુજરાત સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ–૨ માં તા.૧૯/૦૪/૨૦૦૫ ના પાન નં. ૭૦, ૭૧ ઉપર પ્રસિધ્ધ થયેલ.

સદર નગર રચના યોજનાની વિગતવાર દરખાસ્તો તૈયાર કરી, ઉકત કાયદાની કલમ–૪૨ અન્વયે પ્રસ્તુત નગર રચના યોજનાની અંદર સમાવિષ્ટ જમીન માલિકો / હીત સંબંધિતોને નોટીસ આપી તેમજ તેની જાહેર બહોળી પ્રસિધ્ધ કરી અને જુદી જુદી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધિ આપવા જણાવી તેમજ સ્થાનિક દૈનિક વર્તમાનપત્ર, "નવનિર્માણ", અને "સંદેશ" ની તા.૫/૧૦/૨૦૦૫ ની આવૃતિમાં પ્રસિધ્ધિ આપી ઓનર્સ મીટીંગનું આયોજન તા.૧૩/૧૦/૨૦૦૫ ના રોજ કરવામાં આવેલ, જે મુજબ ઓનર્સ મીટીંગમાં કુલ. ૪૭ ઈસમો એ હાજરી આપેલ તથા હાજર રહેલ તમામને યોજનાની દરખાસ્તો તથા વિવિધ પાસા જેની વિસ્તૃત સમજણ આપવામાં આવેલ જે અન્વયે જમીન માલિકશ્રીઓ/ હિત સંબંધિતશ્રીઓ દ્વારા કુલ : ૦૮ (આઠ) અરજી થી વાંધા – સુચનો રજુ થયેલ, જેનો પત્રક માં સમાવેશ છે. જેનો અભ્યાસ કરી, જરૂરી ફેરફાર કરાયેલ.

સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના સુડા નં. ૪૩ (ભીમરાડ) ને ઉકત અધિનિયમની કલમ : ૪૨(૧) ની જોગવાઈ હેઠળ ગુજરાત સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ–૨ માં તા. ૨૭/૧૨/૨૦૦૫ ના પાન નં. ૩૭૪ ઉપર પ્રસિધ્ધિ કરી સુચનો અને વાંધા મંગાવવામાં આવેલ છે. અને સદરહુ અધિસુચન દૈનિક વર્તમાન પત્ર "ધબકાર" તા.૩૦/૧૨/૨૦૦૫ અને " સંદેશ" ની તા. ૩૦/૧૨/૨૦૦૫ ની આવૃતિમાં પ્રસિધ્ધ થયેલ છે. ઉકત અધિનિયમની જોગવાઈ હેઠળ સમય મર્યાદામાં કુલ : ૧૨(બાર) રજુઆતો મળેલ, જેનો વિગતે અભ્યાસ કરી, આ સાથે "પત્રક–બ" માં સાદર કરેલ છે, તથા જરૂરી રીમાર્કસ સાથે રજુ રાખવામાં આવશે.

ઉપરોક્ત વિગતો લક્ષે લઈ તથા કાયદાની કલમ૪૮(૧) મુજબ સદરહુ યોજનાનો મુસદ્દો સરકારશ્રીને મંજુરી માટે, જરૂરી સાહિત્યસહ સાદર કરવા બાબતે વિચારણા / ચર્ચા થઈ અને આગળની કાર્યવાહી માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રીને જરૂરી સત્તા આપવા માટે અધિકૃત કરવા ~~વિચારણા / ચર્ચા બોર્ડ સમક્ષ સાદર~~. સર્વાનુમતે કરવામાં આવ્યું

( અમઅ : ટેકનીકલ શાખા)

| | |
|---|---|
| P. A. | 15162 |
| S.U.D.A. | 6/3 |